# અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટને મંજુરી : ૧૦૭૭૩ કરોડ ફળવાયા

નવીદિલ્હી,તા. ૧૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટને કેન્દ્રીય કેબિનેટે આજે લીલીઝંડી આપી દીધી હતી. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટને મંજુરી મળ્યા બાદ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો. સાથે સાથે આ પ્રોજેક્ટને ઝડપથી આગળ વધારવાની પણ વાત કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી જેમાં અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટને મંજુરી અપાઈ હતી. ફેઝ વન માટે ૧૦૭૭૩ કરોડની સહાયતા પણ જાહેર કરવામાં આવી છે. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ તરીકે ગણવામાં આવે છે. મોદીના ડ્રીમ પ્રોજેક્ટને વહેલી તકે મંજુરી મળી જશે તેવી અટકળો છેલ્લા ઘણા દિવસથી ચાલી રહી હતી જેનો આજે અંત આવ્યો હતો. મેટ્રો પ્રોજેક્ટને અમદાવાદની લાઈફલાઈન બનાવવાની હિલચાલ ચાલી રહી છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર આવ્યા બાદથી જ આ પ્રોજેક્ટને લઈને આશા દેખાઈ રહી હતી. કારણ ચૂંટણી દરમિયાન પ્રચાર વેળા મોદીએ અમદાવાદ મેટ્રોનો મુદ્દો ઉઠાવ્યો હતો. એક દશકના લાંબાગાળા બાદ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ હવે ટ્રેક પર આવી રહ્યો છે.

આજે કેબિનેટની મંજુરી મળતા હવે આ પ્રોજેક્ટ વધુ ઝડપથી આગળ વધશે. કેન્દ્રીય કેબિનેટે જણાવ્યું હતું કે, ઈક્વિટી અને સબઓર્ડિનેટ ડેબ્ટના સ્વરુપમાં કેન્દ્ર સરકાર ૧૯૯૦ કરોડ આપશે. આ પ્રોજેક્ટ ૨૦૧૮માં પૂર્ણ કરવામાં આવે તેવી શકયતા છે. પ્રથમ તબક્કામાં બે કોરિડોર નોર્થ સાઉથ કોરિડોર જે એપીએમસીથી મોટેરા સ્ટેડિયમ સુધી રહેશે અને આ ૧૫.૪૨ કિમીનો રહેશે જ્યારે ઈસ્ટવેસ્ટ કોરિડોર થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ સુધી રહેશે જે ૨૦.૫૪ કિલોમીટર લાંબો રહેશે.

## વડીલોને વંદન અભિનંદન



શીલાબેન કનુભાઈ શાહ
(૧૯૪૮) મો : ૯૯૨૫૦૨૨૪૮૬

## આજે ભાભરમાં સર્વરોગ નિદાન યજ્ઞમાં મુખ્યમંત્રી પ્રારંભ કરાવશે

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ રવિવાર તા. ૧૯ ઓક્ટોબરે સવારે બનાસકાંઠાના સરહદી વિસ્તાર ભાભરમાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેગા કેમ્પનો પ્રારંભ કરાવશે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ અને બનાસ બેન્કના સંયુક્ત ઉપક્રમે યોજાઇ રહેલા આ આરોગ્ય નિદાન શિબિરમાં અમદાવાદના ૨૫૦ ઉપરાંત તજજ્ઞ તબીબો સેવાઓ આપવાના છે. આરોગ્ય રાજ્યમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શનમાં આયોજિત આ મેગા કેમ્પ સાથે ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાયના ચેકની અર્પણવિધિ અને સરદાર સાહેબની પ્રતિમાનું અનાવરણ પણ મુખ્યમંત્રીશ્રી કરશે.

## મુખ્યમંત્રી સ્વચ્છતા નીધિની વિધિવત રીતે રચના થઈ ગઈ

ગાંધીનગર, તા.૧૮

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાના મંત્રને મૂર્તિમંત કરવા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશને સ્વચ્છ બનાવવા આહવાન કર્યું છે. સમગ્ર દેશમાં સ્વચ્છ ભારત સપ્તાહથી સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત થઈ છે, જે માટે રાજ્યમાં જનભાગીદારી થકી સ્વચ્છતાના મંત્રને સાકાર કરવા મુખ્યમંત્રી સ્વચ્છતા નિધીની રચના કરવામાં આવી છે તેમ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં તા. ૧ ઓકટોબર ૨૦૧૪ના ઠરાવમાં જણાવાયું છે. આ ઠરાવમાં વધુમાં જણાવ્યાનુસાર સ્વચ્છતાનો અભિગમ અને કામગીરી પ્રત્યે રાજ્યના અને દેશના દરેક નાગરીક હકારાત્મક અભિગમ દાખવી સક્રિય ભાગીદારી દ્વારા સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાત બને તે આશયથી વિશાળ ફલક ઉપર અને જનજાગૃતિ અને જનભાગીદારીના માધ્યમથી વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ માટે બિન નિવાસી ભારતીયો-ગુજરાતીઓ, સામાજિક, સ્વૈચ્છિક સંસ્થાઓ, શ્રેષ્ઠીઓ, દાતાઓ, કંપની સોશ્યલ રિસ્પોન્સીબીલીટી અંતર્ગત બોર્ડ, કોર્પોરેશન, ખાનગી કંપનીઓ દ્વારા સ્વચ્છતા સંબંધી મળતું / મળનાર દાન, ભેટ તેમજ કેન્દ્ર, રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત મળતી ગ્રાન્ટ જેવી વિવિધ રકમનો ઉપયોગ સંકલિત અભિગમ દ્વારા કરીને શ્રેષ્ઠ પરિણામો હાંસલ કરવાનો આ નિધિનો મૂળ ઉદેશ્ય રહેલો છે. મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનના અમલીકરણ માટે લોકભાગીદારી મહત્વની છે આ હેતુ માટે રચાયેલી આ નિધિમાં રાજ્યકક્ષાએ મુખ્યમંત્રી સ્વચ્છતા નિધિ તેમજ આઠ મહાનગર અને ૩૩ જિલ્લાકક્ષાની મુખ્યમંત્રી સ્વચ્છતા નિધિની રચના પણ કરવામાં આવી છે. રાજ્યકક્ષાની આ નિધિના સંચાલન માટે રચાયેલ સોસાયટીમાં અધ્યક્ષસ્થાને મુખ્યમંત્રી રહેશે. તેમાં આરોગ્ય, શિક્ષણ, ઉદ્યોગ, પાણી પુરવઠા, વન પર્યાવરણ મંત્રીઓ તથા પંચાયત અને શહેરી ગૃહ નિર્માણના રાજ્યકક્ષાના મંત્રીઓ સભ્ય તરીકે ઉપરાંત મુખ્ય સચિવ તથા નાણાં, ઉદ્યોગ, શહેરી વિકાસ, શિક્ષણ, આરોગ્ય, પંચાયત વિભાગના સચિવ સભ્ય તરીકે રહેશે.

## આજે મતદાનના મથકે જરૂરી ફોર્મ સ્વીકારાશે

અમદાવાદ, તા.૧૮

મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના આદેશાનુસાર તા. ૧-૧-૨૦૧૫ની લાયકાતની તારીખના સંદર્ભમાં અમદાવાદ જિલ્લામાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. તા. ૧૯-૧૦-૧૪ તથા તા. ૨-૧૧-૧૪ને રવિવારે તમામ મતદાન મથકો ઉપર બુથ લેવલ અધિકારીઓ જરૂરી ફોર્મ્સ સાથે હાજર રહેશે અને મતદારો તરફથી રજુ થતાં હક્કદાવા તથા વાંધાઓ સ્વીકારસે. તા. ૧૯-૧૦-૧૪ને રવિવારે ધોરણ-૧૨ની સાયન્સની પરીક્ષા હોઈ અમુક મતદાન મથકો ઉપર બુથ લેવલ અધિકારી જે તે શાળાના અન્ય રૂમમાં કે શાળાના કંપાઉન્ડમાં બેસી મતદાર યાદીની કામગીરી કરશે જેની જાહેર જનતાએ નોંધ લેવા કલેકટર કચેરી, અમદાવાદની યાદીમાં જણાવાયું છે.

## શિક્ષણમાં વર્ગખંડના જેટલું મહત્વ રમતના મેદાનનું છે

### હવે કેન્દ્રિય વિદ્યાલય સંગઠનની બાલિકા માટેની ૪૫મી રાષ્ટ્રીય ખેલકૂદ પ્રતિયોગિતા ગાંધીનગર ખાતે સંપન્ન થઇ

ગાંધીનગર, તા.૧૮

કેન્દ્રિય વિદ્યાલય સંગઠન અમદાવાદ સંભાગના યજમાનપદે ગાંધીનગર ખાતે બાલિકાઓ માટેની ૪૫મી રાષ્ટ્રીય ખેલકૂદ પ્રતિયોગિતા સંપન્ન થઈ હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ પદે રાજ્યપાલ ઓપી કોહલીએ આ પ્રતિયોગિતામાં ભાગ લેનારા સર્વે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, જીવનમાં રમતનું મહત્વ છે હાર-જીતનું નથી. તેમણે જણાવ્યું હતું કે, જીત હંમેશા ખેલ ભાવનાની થાય છે.

રાજ્યપાલ ઓપી કોહલીએ જણાવ્યું હતું કે, રમત ગમત જીવનને શિસ્તબદ્ધ બનાવે છે. ટીમ સ્પીરીટ, જીવનના પડકારોનો સામનો કરવાની સક્ષરતા, પ્રતિસ્પર્ધી સાથે પણ પ્રેમથી વ્યવહાર અને આગળ વધવાની જિજ્ઞાસા જેવા ગુણો રમતથી આવે છે તેમણે એક પણ જણાવ્યું હતું કે, શિક્ષણમાં વર્ગખંડનું જેટલું જ મહત્વ રમતના મેદાનનું છે. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા વિદ્યાલય સંગઠનના અધિક કમિશ્નર ડો. દિનેશકુમારે આ પ્રતિયોગિતા વિશે વિશેષ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ૧૪ ઓક્ટોબરથી ૧૮ ઓક્ટોબર સુધી કાર્યરત રહેલી આ સ્પર્ધામાં જુદી જુદી ૧૮ જેટલી રમતોમાં ભારતભરના ૨૫ જેટલા પ્રદેશોની ૪૧૦૦થી વધુ મહિલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તેમણે કેન્દ્રિય વિદ્યાલય સંગઠન દ્વારા રમત ગમત ક્ષેત્રે થઈ રહેલાં સંગીન પ્રયાસોની માહિતી આપી હતી.

## કંપની સમાચાર

### ટોયાટા કિર્લોસ્કર મોટર રજૂ કરે છે તદન નવી ઈટીઓસ અને ઈટીઓસ લીવા

ટોયોટા કિર્લોસ્કર મોટર (ટીકેએમ) દ્વારા આજે તદન નવી ઈટીઓસ અને ઈટીઓસ લીવાની રજૂઆતની જાહેરાત કરેલ. વિશ્વકક્ષાની સમૃદ્ધ અને સફળ સેડાનના પગલે ઈટીઓસની રચના એક રીયલ સેડાન જેવી લક્ઝુરીયસ કરવામાં આવી છે. વિશ્વની નંબર વન સેડાન-કોરોલા અલ્ટીસ, જેવી જ એસેમ્બલી સાથે નિર્મિત ઈટીઓસ ટોયોટાની એજ શ્રેષ્ઠ ગુણવત્તા, ટકાઉપણું અને વિશ્વસનીયતા ધરાવે છે. એજ પ્લેટફોર્મ ઉપર તૈયાર થયેલ ઈટીઓસ લીવા 'બેસ્ટ-ઈન-ક્લાસ' કેબિન સ્પેસ ઓફર કરે છે, જેમાં મળે છે જાણે ઘર જેવી જ સાનુકૂળતા. આ પ્રસંગે શ્રી વેન્કટ ક્રિશ્નન આર. (જનરલ મેનેજર સેલ્સ ડિવિઝન) અને શ્રી તત્સુય નુકુય (જનરલ મેનેજર, સેલ્સ પ્લાનિંગ ડિવિઝન) અને ટોયોટા કિર્લોસ્કર મોટર સહિત શ્રી અજિત મહેતા, ડીલર પ્રિન્સીપાલ, ડીલરશીપ ઈન્ફીનીયમ ટોયોટા અને અન્ય નામાંકિત મહેમાનોએ હાજરી આપેલ.



## આઈસીયુના ઉપયોગ વિશે પ્રદર્શન યોજાયું

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના એફ.વાય. પોસ્ટ બેઝિક બી.એસ.સી. નર્સિંગ તથા ટી.વાય.બી.એસ.સી. નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા 'આઈસીયુ'નો ઉપયોગનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કારોબારી સભ્ય નટુભાઈ પટેલ તથા ભુલાભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાંનું આઈસીયુ સેટઅપ, પ્રકાર અને તેના ઉપયોગ દર્દીની સારવાર કેવી રીતે કરવો તેના પર યોજવામાં આવ્યું હતું. પ્રદર્શનનું માર્ગદર્શન પ્રો. પ્રેક્ષા પટેલ તથા પ્રો. દિપલ પટેલે આપ્યું હતું. આ નિમિત્તે કોલેજના પ્રિન્સીપાલ તથા કેમ્પસ ડાયરેક્ટરે શુભેચ્છાઓ આપી હતી.

## બીઆરટીએસના ૨૦૦ ટિકિટ કર્મી હડતાળ પર

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરની બીઆરટીએસ બસના ટિકિટ સ્ટાફના કર્મચારીઓ આજરોજ હડતાળ ઉપર ઉતર્યા છે જેથી મુસાફરો ટિકિટ લેવા માટે હેરાન પરેશાન થઈ ગયા હતા. ટિકિટ સ્ટાફના કર્મચારીઓ પોતાની જગ્યાએ ન હોવાથી મુસાફરો ટિકિટ ક્યાંથી લે તે બાબતે મુંઝવણમાં મુકાયા હતા. આ બાબતે પ્રાપ્ત થતી વિગતોનુસાર શહેરમાં ચાલતી બીઆરટીએસના ટિકિટ સ્ટાફના ૨૦૦ જેટલા કર્મચારીઓ હડતાળ જેટલા કર્મચારીઓ હડતાળ ઉપર ઉતર્યા છે. વેતન બાબતે કોન્ટ્રાક્ટર સાથે વિરોધ થતાં એક સાથે ૨૦૦ જેટલા કર્મચારીઓ હડતાળ ઉપર ઉતરી આવ્યા હતા. આ બાબતે બીઆરટીએસના જનરલ મેનેજર દિપક ત્રિવેદીને પૂછાતા તેઓએ વાત કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી અને ફોન કટ કરી દીધો હતો.

## શહેરમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગનો તીવ્ર સપાટો

શહેરમાં દિવાળીના તહેવારને ગણતરીના દિવસો બાકી છે ત્યારે શહેરીજનોના આરોગ્ય સાથે કોઈ પણ જાતના ચેડા ન થાય તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના અલગ અલગ મીઠાઈ અને ફરસાણાની દુકાનો પર તવાઈ હાથ ધરવામાં આવી છે તેમજ કેટલાક વેપારીઓ પાસેથી વહીવટી ચાર્જ પણ વસુલ કરવામાં આવ્યો છે.

શહેરના ફુડ એન્ડ ડ્રગ્સ તેમજ આરોગ્ય વિભાગ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારમાં મિઠાઈ અને ફરસાણાની દુકાનો પર દરોડા પાડવામાં આવ્યા છે. જેમાંથી ૩૧ જગ્યાએ નોટીસ પાઠવીને રૂા. ૧૬,૫૦૦નો ચાર્જ વસુલાત કરવામાં આવ્યો છે તેમજ ૩૯૭ બિન આરોગ્યપ્રદ જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે તેમજ ૧૨ જેટલી મીઠાઈના નમુના લઈને લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે.

## માઈકામાં યોજાશે એમડીપી 'શોપર માર્કેટીંગ' : ટર્નીંગ શોપર્સ ઈનટુ બાયર્સ

ગાંધીનગર, તા.૧૮

માઈકામાં તા. ૧૩ થી ૧૫ નવેમ્બર, ૨૦૧૪ના રોજ 'શોપર માર્કેટીંગ : ટર્નીંગ શોપર્સ ઈનટુ બાયર્સ' એમડીપી યોજાઈ રહ્યો છે. ડૉ. મિનિ માથુરના નેતૃત્વ હેઠળનો આ એમડીપી માર્કેટીંગ, બ્રાન્ડીંગ, એડવર્ટાઈઝિંગ એજન્સીઓ અથવા રિટેલમાં સિનિયર અને મિડલ લેવલ મેનેજમેન્ટમાં કાર્યરત વ્યવસાયિકોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે.

આ એમડીપીમાં શું ઓફર થશે તે અંગે ડૉ. મિનિ માથુર જણાવે છે કે 'પ્રેઝન્ટેશન આધારિત ડિસ્કશન્સ, કેસ આધારિત ડિસ્કશન્સ, પાર્ટી સિપેટરી એકસરસાઈઝ જેવા વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ આ એમડીપીમાં છે. જેના કારણે ભાગ લેનારાઓને નવો જ દષ્ટિકોણ મળે છે અને શોપર માર્કેટીંગનું મહત્વ સમજવામાં અને પારખવામાં સરળતા રહેશે.'

## સ્થળ બદલાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

શહેરમાં બે સ્થળોએ હવે ફટાકડા બજાર થશે. જો કે ફટાકડાના ભાવમાં આ વખતે ગત વર્ષની સરખામણીએ ૧૦ ટકાથી ૨૦ ટકા જેટલા ભાવ ઉંચા છે અને હજુ પણ પાટનગરમાં ખરીદીનો માહોલ જામ્યો નથી. સરકાર દ્વારા કર્મચારીઓને વહેલો પગાર થશે તેવી શક્યતા હતી પરંતુ હવે દિપાવલીને આડે ગણતરીના દિવસો જ બાકી છે અને જોઈએ તેવો ખરીદીનો માહોલ જામ્યો નથી.

## મોદી સરકારની દિવાળી ભેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જે લોકો આનાથી બહાર રહેશે તેમના માટે સિલિન્ડરની જુની યોજના અમલમાં રહેશે. જેટલીએ કહ્યું હતું કે, કેબિનેટની બેઠકમાં ત્રીજો મોટો નિર્ણય કુદરતી ગેસની કિંમતોને લઈને કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ તેની કિંમત ૫.૬૧ ડોલર એમએમબીટીયુ નક્કી કરવામાં આવી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીને હાલ તેના કેજી-ડી૬ ક્ષેત્રથી ઉત્પાદનમાં ઘટાડાની ભરપાઈ થવા સુધી ૪.૨ ડોલરની કિંમત અપાશે. કુદરતી ગેસની કિંમત વધારવાના નિર્ણયથી કેટલાક ફેરફાર થશે. સરકારે યુપીએ સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલી રંગરાજન ફોર્મ્યુલામાં કેટલાક ફેરફાર કર્યા છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ચેરમેન બી અશોકે કહ્યું છે કે, કિંમતોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ડિઝલની કિંમતમાં ફેરફારને લઈને છેલ્લા ઘણા સમયથી ગણતરી કરવામાં આવી રહી હતી. સપ્ટેમ્બરના બીજા ગાળામાં ડિઝલ ઉપર પ્રથમ નફો થયો હતો. ઓક્ટોબરમાં આ નફો ૧.૯૦નો થયો હતો અને ૩.૫૬નો નફો થયો છે. કેરોસીન અને એલપીજી ઉપર અન્ડર રિકવરી યથાવત છે. પીડીએસ કેરોસીન અને એલપીજીના કેસમાં અન્ડર રિકવરી ક્રમશઃ ૩૧.૨૨ અને ૪૦૪.૬૪ રૂપિયા છે.


## ટોક ઓફ ધ ટાઉન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૌ કોઈની નજર છે. કોણ મુખ્યમંત્રીના પદ પર બેસશે અને કઈ પાર્ટી સૌથી મોટી પાર્ટી બનશે તેની ચર્ચાઓ સચિવાલયથી લઈને પાનના ગલ્લે થતી જોવા મળી હતી. દિવાળીની ઉજવણીની ચર્ચાઓના સ્થાને મહારાષ્ટ્ર-હરિયાણાની ચૂંટણીની ચર્ચાઓએ આજે જોર પકડ્યું હતું.

દેશના પ્રધાનમંત્રીપદે આરૂઢ થયેલા નરેન્દ્ર મોદી માટે પણ આ બે રાજ્યોની ચૂંટણીઓ આકરી કસોટી સમાન છે. પરિણામો પહેલા જાહેર થયેલા એક્ઝિટ પોલમાં નરેન્દ્ર મોદીના જાદુ હેઠળ આ બંને રાજ્યોમાં ભાજપને સૌથી મોટી પાર્ટી તરીકે દર્શાવવામાં આવી છે. જો કે અન્ય પક્ષો પણ પોત પોતાની બહુમતી અંગે દાવો કરી રહ્યા છે. પરિણામના દિવસે રવિવારની રજા હોઈ ગાંધીનગરાઓ ટીવી સામે ગોઠવાઈ જવાનો પ્લાન બનાવી લીધો છે.

## શબ્દાવલી - ૫૫૩૭



### આડી ચાવી

૧. ક્ષમા આપવામાં મહામ માણસોની... છે (૩)
૫. જાણવાની તમન્ના (૩)
૭. આગતા સ્વાગતા (૪)
૮. વર્ણ, રંગ (૨)
૯. સ્ત્રીને પ્રથમ પ્રસુતિ પછી આણુ કરે તે (૩)
૧૨. ત્વરાથી, ... જ (૩)
૧૫. કેટલા... કર્યા પણ માનતા જ નથી (૨)
૧૬. એક ધાન (૨)
૧૭. ધરતીકંપની અસર પામેલા માટે તરત કેટલાય... કેન્દ્રો શરૂ થયા છે (૩)
૧૯. કાપડની એક જાત (૪)
૨૧. ઘુંઘટ, પડદો (૩)
૨૪. ઓછું (૨)
૨૫. ગુજરાન (૫)

### ઊભી ચાવી

૧. ચર્ચા-વિચારણા (૪)
૨. માળા, ડોકનું ઘરેણું (૨)
૩. આકાશ (૨)
૪. બરબાદી, નુકશાની (૩)
૫. જંતુ, જીવાત (૩)
૬. જાણવું તે, ...હોવું (૨)
૧૦. ... હૈ ઇમાન મેરા યાર મેરી જીંદગી (૨)
૧૧. હંમેશનું, અવિનાશી (૪)
૧૩. રવિવારની... પડે તો મજા પડે (૨)
૧૪. ઉપાય (૪)
૧૫. ખુબ સરસ જેવો એક ઉદ્‌ગાર (૩)
૧૭. બાજરીના લોટની એક વાનગી (૨)
૧૮. સોનું, સુવર્ણ (૩)
૨૦. ...જમીનની ફળદ્રુપતા વધારે (૩)
૨૨. ...કા ના કાજ કા દુશ્મન અનાજ કા (૨)
૨૩. પડવાળી બિસ્કીટ (૨)

### શબ્દાવલી ૫૫૩૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) દગડફુલ (૫) રગ (૬) વેરાન (૮) શક (૧૦) અંતરગ (૧૧) તરવરાટ (૧૨) સભાન (૧૪) સંતલસ (૧૭) ખીતો (૧૯) વનરાજ (૨૨) તર્પણ (૨૩) ખડતલ

**ઊભી ચાવી :-** (૧) દહેશત (૨) ડર (૩) ફુગ (૪) ફરાર (૬) વેત (૭) નસલ (૯) કરવત (૧૦) અંટસ (૧૩) નખી (૧૪) સંગત (૧૫) લવણ (૧૬) સન (૧૮) તોરલ (૨૦) રાખ (૨૧) જડ





શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ટચૂકડી જાહેર ખબર

**વેચવાનું છે**

બંગલો વેચવાનો છે : ૪-બેડ-હોલ-કિચન, ૨૨૬ વારના પ્લોટમાં ૨૬૭ વાર બાંધકામ, ત્રણ માળનો, પોશ લોકાલીટીવાળી સોસાયટીમાં, દીનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સિટી રોડ, રાયસણ, ગાંધીનગર

મોબાઈલ :
૯૮૨૫૪ ૧૩૧૪૪
૯૯૨૪૪ ૫૯૮૭૮

**વાઘેલા ક્લિનીંગ**

દરેક પ્રકારના સોફા શેમ્પુ, ચૈર શેમ્પુ વૉશીંગ માટે બુકીંગ કરવા વિનંતી
૯૮૨૪૯ ૫૯૦૧૫

SANGHI CEMENT · Kisan · ashirvad C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં ખાસ વળતર
શ્રી યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા દ્વારા સંચાલિત

**યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર**

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત સુતી ખાદી | ૨૫% વળતર |
| પોલીવસ્ત્ર ખાદી | ૨૫% વળતર |
| પરપ્રાન્ત ખાદી | ૧૫% વળતર |
| રેશમ ખાદી | ૧૫% વળતર |
| ગરમ ખાદી | ૧૫% વળતર |

અમારે ત્યાં શેત્રંજી, આસન, આસનપટ્ટા, નાહવાના રૂમાલ, હાથરૂમાલ, બેડશીટ, પીલોકવર, ચોરસ ગાદી, તૈયાર લેંઘા, ઝભ્ભા, સદરા, સુતરાઉ ખાદી, પોલીવસ્ત્ર ખાદી, ગરમ ખાદી અને ગ્રામોદ્યોગ સાબુ, લિમડા સાબુ તથા સરકારશ્રી દ્વારા માન્ય ફર્નિચર મળશે.

સંસ્થાના અન્ય કેન્દ્રો : ● ગ્રામોદ્યોગ ગાંધી હાટ, સ્ટેશન રોડ, મોડાસા ● યોગીકૃપા ખાદી ભંડાર - સ્ટેશન રોડ, મેઘરજ ● યોગીકૃપા ખાદી ભંડાર - આકાર કોમ્પલેક્ષ, ભિલોડા ● અંબિકા ખાદી ભવન, પૂર્ણિમા કોમ્પલેક્ષ, અંબાજી

● પ્રમુખશ્રી - ઉષાબેન કે. ત્રિવેદી ● મંત્રીશ્રી - ધરમેન્દ્ર સી. યોગી
● વ્યવસ્થાપક - જશવંત સી. યોગી

નોંધ : તા. ૨/૧૦/૧૪ થી તા. ૩૧/૩/૧૫ સુધી વળતરનો લાભ આપવામાં આવશે.